# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY R.C.C.I. Since 1954



**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદેદારો દ્વારા કેન્દ્રીયમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાની રૂબરૂ મુલાકાત લઈ ઈન્કમટેક્ષ એક્ટ ૧૯૬૧ના સેક્શન 43B(h) ના અમલ અંગે ફેરવિચારણા કરવા અને હાલ મુલત્વી રાખવા રજુઆત કરવામાં આવી...**

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

પ્રવર્તમાન ઈન્કમટેક્ષ એકટ ૧૯૬૧ના સેકશન 43B(h) નો આગામી એપ્રિલ ૨૦૨૪ થી અમલ કરવામાં આવનાર છે. જે મુજબ નવી જોગવાઈ અંતર્ગત કોઈપણ ઔધોગીક કે સેવાપ્રદાન કરતા ક્ષેત્રો પાસેથી મેળવેલ પ્રોડકટ અથવા સેવાના યોગ્ય ચુકવણી સબંધે MSMED એકટ મુજબ સ્પષ્ટ જોગવાઈ નિર્ધારિત કરાયેલ છે. જે કિસ્સામાં પેમેન્ટ બાબત સ્પષ્ટ એગ્રીમેન્ટ થયેલ હોય તેમાં ૪૫ દિવસ તથા એગ્રીમેન્ટ થયેલ ન હોય તો ૧૫ દિવસની સમય મર્યાદા નિર્ધારિત કરાયેલ છે. આ જોગવાઈ MSMED એકટના સેકશન ૧૫ અંતર્ગત કરવામાં આવેલ છે. સદર સમય મર્યાદામાં પેમેન્ટ ન થયેલું હોય તો જે તે નાણાંકિય વર્ષમાં નહી ચુકવાયેલ રકમ લેનાર વ્યકિતની આવકમાં ગણવામાં આવશે અને જયારે વાસ્તવીક પેમેન્ટ કરવામાં આવે ત્યારે આ રકમ બાદ મળવાપાત્ર થશે.

આ જોગવાઈના અનુસંધાને ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાને સાથે રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા, માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા અને કારોબારી સભ્યશ્રી કુમનભાઈ વરસાણી દ્વારા કેન્દ્રીયમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાની રૂબરૂ મુલાકાત લઈ રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ લાખોની સંખ્યામાં MSME એકમો તેમજ નિકાસકારો કાર્યરત હોય તેઓને આ કાયદાના અમલથી ખુબ જ હાલાકીનો સામનો કરવો પડશે અને આવનારા દિવસોમાં આવા ઔધોગીક એકમો ઉપર ગંભીર અસર પડશે.

વધુમાં અગાઉ ફેડરેશન ઓફ સૌરાષ્ટ્ર-કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ રાજકોટ-સૌરાષ્ટ્રની તમામ ચેમ્બરો અને એસોસીએશની મિટીંગ મુલત્વી રાખેલ હતી પરંતુ આ બાબતે જો વેપાર-ઉધોગકારોના હિતમાં કોઈ યોગ્ય નિર્ણય લેવામાં નહી આવે તો નાછુટકે ટુંક સમયમાં આ અંગે સમગ્ર ચેમ્બરો અને એસોસીએશનની મિટીંગ બોલાવી ઉગ્ર રજુઆત કરવામાં આવશે.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તમામ સંજોગોને ધ્યાનમાં રાખી ઈન્કમટેક્ષ એકટ ૧૯૬૧ના સેકશન 43B(h) નું પુન:મુલ્યાંકન અને અભ્યાસ કરી નાના ઔધોગીક એકમો તથા સેવા પ્રદાન કરનાર ક્ષેત્રો અને નિકાસકારોને પડનારી આર્થિક તથા વ્યવસ્થાકીય મુશ્કેલીઓને ધ્યાને લઈ તેના અમલ અંગે ફેર વિચારણા કરવા તથા યોગ્ય નિર્દેશ જારી કરી હાલ મુલત્વી રાખવા ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે. જે અંગે કેન્દ્રીયમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાજીએ ઘટતું કરવા ખાત્રી આપેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.